# દુહા-મુક્તક-હાઇકુ

## નીચેના દુહાનો મુખ્ય વિચાર કહો.

## વિપત પડે ના ………… વિપતને ખાય.

- વિપત પડેના વલખિયે, વલખે વિપત ન જાય;
- વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય.

- જીવનમાં વિપત્તિ કે દુ:ખ આવી પડે તો માણસે ગભરાઈ જવાની જરૂર નથી, કેમ કે ગભરાઈ જવાથી વિપત્તિ કે દુ:ખ દૂર થતાં નથી, પણ વધે છે. આવા સમયે જો એ પુરુષાર્થ કરે તો તેની વિપત્તિ કે દુ:ખ દૂર થઈ શકે છે. આમ, વિપત્તિ કે દુ:ખમાંથે ઊગરવાનો શ્રેષ્ઠ ઉપાય ઉદ્યમ જ છે.

## નીચેના દુહાનો મુખ્ય વિચાર કહો.

## ગુણની ઉપર …….. ખત્રિયાં વટ્ટ.

- ગુણની ઉપર ગુણ કરે, એ તો વેવારાં વટ્ટ;

  અવગુણ ઉપર ગુણ કરે, ખરી ખત્રિયાં વટ્ટ.

- સામાન્ય રીતે કોઈ માણસ આપણી સાથે સારી રીતે વર્તે કે આપણી ઉપર ઉપકાર કરે તો આપણે પણ એની સાથે સારો સારો વર્તાવ કરીએ છીએ અને  તક મળે ત્યારે એના ઉપર ઉપકાર કરીને ઋણ ચૂકવીએ છીએ. આ તો એક વ્યવહાર છે; પરંતુ જો કોઈ આપણી સાથે સારી રીતે ન વર્તે કે

આપણા પર અપકાર કરે તોપણ એ વાતને મનમાં ન રાખતાં એના અપકારની સામે આપણે ઉપકાર કરીએ એમાં જ સાચી વીરતા છે, એજ સાચો ધર્મ છે.

## ફરતી પીંછી...' હાઇકૂનો મુખ્ય વિચાર કહો.

- કવિએ 'ફરતી પીંછી' હાઇકુમાં એક તરંગ રજૂ કર્યો છે. અંધકારમાં પીંચી જ્યાં જ્યાં ફરે છે તે તમામ વસ્તુઓને એ પોતાના કાળા રંગથી રંગી દે છે, પણ દીવો તેના કાળા રંગથી કદી રંગાતો નથી. આ હાઇકુદ્વારા એ સ્પષ્ટ થાય છે અજ્ઞાની માણસ પર માયારૂપી અંધકારની અસર થાય છે; પરંતુ જ્ઞાનીને કદી મોહમાયા સ્પર્શી શકતાં નથી.

## વિચારવિસ્તાર કરો :

## ઉગે કમળ પંકમાં તદપિ દેવ શિરે ચડે;

## નહિ કુળથી કિન્તુ મૂલ મૂલવાય ગુણો વડે.

- આ વિચારવિસ્તારમાં કવિએ કમળનું ઉદાહરણ આપતાં કહ્યું છે કે કમળ ભલે કાદવમાં ઊગતું હોય પણ એ દેવને ચડાવાય છે. એ જ પ્રમાણે કોઈ પણ વ્યક્તિનું મૂલ્યાંકન તે કયા કુળમાં કે વંશમાં જન્મી છે તેના આધારે નહી પરંતુ તેનામાં રહેલા ગુણોને આધારે જ કરવું જોઈએ.

- કમળ કાદવમાં ઉગે છે પરંતુ તેનામાં રહેલી સુવાસ અને તેનું સૌંદર્ય તેને ઉચ્ચ સ્થાને લઈ જાય છે. તેને મંદિરમાં બિરાજેલા દેવને શિરે ચડાવી ઉંચું સ્થાન આપવામાં આવે છે. એ જ રીતે મનુષ્ય તેનામાં રહેલા સદ્દગુણો વડે જ સમાજમાં ઉચ્ચ સ્થાને બિરાજી શકે છે. મનુષ્યનો જન્મ ક્યં થાય છે કયા કૂળમાં થાય છે એ તેના હાથની વાત નથી પરંતુ સારા ગુણો કેળવવા તે મનુષ્યના હાથની

વાત છે. વિદ્યાભ્યાસથી અને સારા ગુણો કેળવીને સમાજમાં મોભાનું સ્થાન પ્રાપ્ત કરી શકે છે અને અનેક લોકો આદરણીય બની શકે છે.

## દુ:ખ આવી પડે ત્યારે માણસે કેવું વલણ અપનાવવું જોઈએ ?

- દુ:ખ આવી પડે ત્યારે માણસે હતાશ થવાને બદલે પુરુષાર્થ કરવો જોઈએ.